# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", એનેક્ષી, ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com

---

રેફ નં. તા: ૦૬/૦૧/૨૦૧૦

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી )

---

## ચેમ્બરના ડ્રીમ પ્રોજેક્ટ "સુરત ઈન્ટરનેશનલ એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, ખાતે પ્રજાસત્તાક દિવસની ઉજવણી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ધ્વારા ૬૧ માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી ચેમ્બરના ડ્રીમ પ્રોજેકટ સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા ખાતે તિરંગો ફરકાવીને કરવામાં આવી હતી.

પ્રજાસત્તાક દિનના શુભ અવસરે ચેમ્બરના પ્રમુખ શ્રી નિલેશ વી. માંડલેવાળાએ તિરંગો ફરકાવી, તિરંગાને સલામી આપી હતી. તેઓએ પોતાના વકતવ્યમાં દેશના જવાનોને દેશની સુરક્ષા માટે, પોલિસના જવાનોને કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા શહેરી જનોને પ્રજાસત્તાક દિવસની શુભેચ્છા પાઠવી હતી. તેઓએ જણાવ્યું હતું કે આજનો દિવસ દેશભકિતનો દિવસ છે દરેક વ્યકિતએ દેશદાઝ રાખવી જોઈએ માટે આપણે સૌએ રાષ્ટ્રના ઉત્થાન માટે એકજૂથ થવાની જરૂર છે. શાળાના વિદ્યાર્થીઓને રાષ્ટ્રની ઉન્નતી માટે કાર્ય કરવા પ્રોત્સાહન આપ્યું હતું. આજે જયારે દેશમાં પર્યાવરણની સમસ્યા જટલ બની છે ત્યારે દરેક વ્યકિત એક વૃક્ષનું વાવેતર કરે અને એનુ સિંચન કરે. આજે ટ્રાફીકની સમસ્યા પણ મહદઅંશે દેખાઈ આવે છે ત્યારે દેરકે પોતાની રીતે સ્વંયશિસ્ત જાળવીને ટ્રાફીકના નિયમોનું પાલન કરવું જોઈએ. વેપાર ઉદ્યોગે પોતાની ઉત્પાદકતા વધારી સુરતનો વિકાસ સાથે રાજયનો વિકાસ અને દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપવું જોઈએ એમ જણાવ્યું હતું. સ્વર્ણિમ ગુજરાતના વર્ષમાં સુરતને સ્વર્ણિમ સુરત બનાવવા પ્રણ લેવા કહયું હતું.

ચેમ્બર ભૂ.પૂ.પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ ચોખાવાલા, શ્રી પ્રેમભાઈ શારદા, શ્રી શરદભાઈ કાપડિયા, શ્રી અરવિંદભાઈ કાપડિયા, શ્રી અશોકભાઈ શાહે પ્રજાસત્તાક દિનના શુભ અવસર પર વેપાર ઉદ્યોગના વિકાસની વાતો કરી હતી અને જણાવ્યું હતુ કે, ચેમ્બરે જે સ્વપ્ન જોયુ તે પુરૂ થવાના આરે છે. આગામી ઉદ્યોગ–૨૦૧૦ નું પ્રદર્શનનું આયોજન ૧૨ માર્ચ ૨૦૧૦ થી ૧૬ માર્ચ ૨૦૧૦ ના રોજ, સુરત ઈન્ટરનશેનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણામાં થયુ છે તેના ઉદઘાટનના દિવસે તે રાષ્ટ્રને સમર્પીત કરવામાં આવશે અને આ એક પહેલુ ચેમ્બર હશે જેને આવો મહત્વાકાંક્ષી પ્રોજેકટ હાથ ધરેલ અને તેમાં સર્વેના સાથ સહકારથી તે પરિપુર્ણ થશે.

પ્રજાસત્તાક દિવસના શુભ પ્રસંગે આશાદિપ વિદ્યાલય, જીવન ભારતી પ્રવૃત્તિ વિદ્યાલય, પી.એચ. બચકાનીવાલા વિદ્યાલય, સરસ્વતી વિદ્યાલય, ગજેરા વિદ્યાભવન ના વિદ્યાર્થીઓએ અને શ્રીમતી વિશાખા રાજેશ ધામેલીયાએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચેમ્બર ના માનદમંત્રી શ્રી હેતલભાઈ મહેતા અને શ્રી રમેશભાઈ વઘાસીયાએ કર્યુ હતું. આ કાર્યક્રમમાં ચેમ્બરના સભ્યો, શહેરના પ્રતિષ્ઠિત નાગરીકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.